Wednesday
12.08.2026
*Volume :11 * Issue No.39
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# રાજ્યની મહાનગરપાલિકા-નગરપાલિકાઓને સર્વાંગી વિકાસ કામો માટે રૂપિયા ૩૮૫૦ કરોડના ચેક અર્પણનો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરમાં સંપન્ન

## મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં નાણાના અભાવે શહેરોમાં વિકાસના કોઈ કામો અટક્યા નથી, પણ કામ વધુ ગુણવત્તાયુક્ત થાય તેની ખાસ કાળજી રાખીએ: શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ







**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૧૭ મહાનગરપાલિકાઓને ૨૯૯૨ કરોડ - ૧૫૨ નગરપાલિકાઓને ૮૫૮ કરોડની ફાળવણી**

કમલમ્,


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નગરો-મહાનગરોમાં સુખાકારી અને સેવા-સુવિધાઓ, સિટીઝન સેન્ટ્રિક, ટ્રાન્સપરેન્ટ, એકાઉન્ટેબલ અને ટેકનોલોજી ડ્રિવન બનાવવાનું પ્રેરક આહવાન કર્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સુદ્રઢ નાણાં વ્યવસ્થાપનને પરિણામે નગરો-મહાનગરોમાં જન સુખાકારીના કામો માટે હવે નાણાંની કોઈ તંગી નથી રહી. એટલું જ નહિં, લોકહિતના જે કામો થાય છે તે લોકો જુએ છે અને ઈઝ ઓફ લિવિંગને પરિણામે વધુ નવા કામો માટેની લોકોની અપેક્ષાઓ જાગી છે. મુખ્યમંત્રીશ્રી રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને સર્વાંગી વિકાસ કામો માટે કુલ ૩૮૫૦ કરોડની રકમના ચેક અર્પણ સમારોહના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા. તેમણે શહેરી વિકાસ અને નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા અને નાયબ દંડક શ્રી જગદીશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં આ ચેક વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે મહાનગરપાલિકા-નગરપાલિકાના પદાધિકારીઓ, કમિશનરો અને ચીફ ઓફિસરોને નગર સુખાકારીના વધુને વધુ ગુણવત્તાયુક્ત પ્રજાકીય કામોમાં નાણાનો સદુપયોગ થાય તે સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો હતો. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૧૭ મહાનગરપાલિકાઓને ૨૯૯૨ કરોડ અને ૧૫૨ નગરપાલિકાઓને ૮૫૮ કરોડની રકમ વિકાસ કામો માટે તેમણે આપી હતી. ચેક વિતરણ કાર્યક્રમમાં અમદાવાદ મહાનગરપાલિકાને સૌથી વધુ રૂ. ૮૭૦ કરોડ તથા સુરત મહાનગરપાલિકાને રૂ. ૭૭૦ કરોડ અર્પણ કરવામાં આવ્યા હતા. જ્યારે વડોદરા મહાનગરપાલિકાને રૂ. ૨૮૫ કરોડ, રાજકોટને રૂ. ૨૩૨ કરોડ, ભાવનગરને રૂ. ૧૦૫ કરોડ અને જામનગર મહાનગરપાલિકાને રૂ. ૧૦૫ કરોડની ગ્રાન્ટની રકમ ફાળવાઈ છે. તેજ રીતે જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૬૫-૬૫ કરોડ પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત ગાંધીધામ, નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, મહેસાણા, વાપી, નડિયાદ, આણંદ અને મોરબી પ્રત્યેક શહેરને રૂ. ૫૫-૫૫ કરોડની રકમ અર્પણ કરવામાં આવી હતી. નગરપાલિકા વિસ્તારના વિકાસ માટે 'અ' વર્ગની કુલ ૪૧ નગરપાલિકાઓને રૂ. ૩૦૭.૫૦ કરોડ તથા 'બ' વર્ગની ૩૪ નગરપાલિકાઓને રૂ. ૨૨૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને રૂ. ૨૭૦ કરોડ અને 'ડ' વર્ગની ૧૭ નગરપાલિકાઓને રૂ. ૫૯.૫૦ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, નવા કામોના આયોજન સાથે જૂના અને પૂર્ણ થયેલા કામોની સ્થિતિની પણ કાળજી લેવાય. એટલું જ નહિં, જેટલા કામો થાય તે ગુણવત્તાયુક્ત થાય તે માટે પદાધિકારીઓ-અધિકારીઓ કામોની સાઈટ વિઝીટ સાથે મળીને કરે.


મુખ્યમંત્રીશ્રીએ શહેરોમાં નવા નિર્માણ થનારા રસ્તાઓ આર.સી.સી.ના જ બને તેની તાકીદ કરતા એમ પણ કહ્યું કે, સ્વચ્છતા પ્રત્યે વિશેષ કાળજી લેવાય તે જરૂરી છે. સ્વચ્છતા અંગેના દુર્લક્ષ સામે કડક પગલાં લેવાનું પણ તેમણે સૂચન કર્યું હતું. ગ્રીન કવર વધારીને પર્યાવરણ પ્રિય શહેરો બનાવવાની હિમાયત કરતા શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, નવી બનતી ટી.પી. સ્કીમમાં એક ટકા જેટલી જમીન વૃક્ષારોપણ માટે ફરજિયાત અનામત રાખવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. તેનો પણ લોકોની સુખાકારી માટે બાગ-બગીચા, ઓક્સિજન પાર્ક વગેરેના નિર્માણ ઉપરાંત અમલ થાય તે જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની ઉજવણીથી નગર વિકાસ માટે વધુ નાણા ફાળવણીથી અર્બન ડેવલપમેન્ટનો જે મજબૂત પાયો નાખ્યો છે તેને સર્વગ્રાહી વિકાસ કામોથી આપણે આગળ ધપાવ્યો છે. અગાઉ નગરો માટેના બજેટ ત્રણ-ચાર લાખ રૂપિયાના બનતા આજે એક જ દિવસમાં કરોડોની ગ્રાન્ટ વિકાસ કામો માટે અપાય છે તેવી સંગીન સ્થિતિ ઊભી કરી છે. તેમણે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાત માટે વિકસિત નગરોથી લીડ લેવા પણ ચૂંટાયેલા પદાધિકારીઓને પ્રેરણા આપી હતી. શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ આ અવસરે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં નાણાં વિના શહેરોમાં વિકાસના કોઈ કામો અટક્યા નથી, પણ આપણે આ કામ વધુ ગુણવત્તાયુક્ત થાય તેની ખાસ કાળજી રાખવી જરૂરી છે. વર્તમાન સમયમાં ક્લાઈમેટ ચેન્જને ધ્યાનમાં રાખીને શહેરોમાં વિકાસના કામો કરવા જોઈએ. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, 'એક પેડ મા કે નામ' અંતર્ગત આપણા શહેરોને વધુને વધુ હરિયાળા બનાવવા તરફ આગળ વધવાનું છે. વડાપ્રધાનશ્રીએ આપેલા 'સ્વચ્છતા અભિયાન'ના કોલને આપણે સાથે મળીને આગળ વધારીશું તો શહેરો વધુ સ્વચ્છ બનશે. ૨૦૪૭ સુધીમાં અંદાજે ૭૦થી ૭૫ ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે તે માટે આપણે અત્યારથી જ સુચારું ક્વોલિટી વર્ક થાય તેવું આયોજન સુનિશ્ચિત કરવું પડશે, તેમ મંત્રીશ્રીએ ખાસ ભાર મૂકતા ઉમેર્યું હતું. શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસ માટે ગ્રાન્ટ ફાળવણીની શરૂ કરેલી આ પરંપરાનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરી જનજીવનની સુખાકારીમાં વધારો કરવાનો છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા સ્થાનિક કારીગર-કલાકારો માટે સ્વદેશી મેળા અને ઘન કચરાના નિકાલ માટે ઝોન વાઈઝ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીના 'ગુણવત્તાયુક્ત કામ' અને 'સ્વચ્છ ગુજરાત'ના મિશનને વેગ આપીને ગુજરાત વિકાસની સાથે સાથે સ્વચ્છતામાં પણ દેશભરમાં પ્રથમ ક્રમે આવે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના હસ્તે "૨૦ વર્ષ શહેરી વિકાસના" તથા "અનંત અનાદિ વડનગર: વારસાથી વિકાસની ગૌરવ ગાથા" કોફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. થેન્નારસન, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી રેમ્યા મોહન, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ઝઈ શ્રી વીણા પટેલ, વિવિધ મહાનગરપાલિકાના પદાધિકારીઓ ઉપરાંત કમિશનરશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ અને ચીફ ઓફિસરશ્રીઓ સહિતના અધિકારીઓ અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

**મુખ્યમંત્રીશ્રી**

- નગર સુખાકારીના વધુને વધુ ગુણવત્તા યુક્ત પ્રજાકીય કામોમાં નાણાંનો સદુપયોગ થાય.
- નવા કામોના આયોજનો સાથે જૂના અને પૂર્ણ થયેલા કામોની સ્થિતિની પણ કાળજી લેવા તાકીદ.
- પદાધિકારી-અધિકારીઓ સાથે મળીને વિકાસ કામોની સાઇટ વિઝીટ કરે.
- નગરો-મહાનગરોમાં નવા નિર્માણ થનારા રસ્તાઓ RCCના જ બને અને શહેરી સ્વચ્છતા પ્રત્યે વિશેષ કાળજી લેવાય.
- ગ્રીન કવર વધારવાના કામોને વેગ આપવા તાકીદ.

**નગરોમાં સુખાકારી સુવિધાઓ સિટિઝન સેન્ટ્રિક, ટ્રાન્સપેરન્ટ, એકાઉન્ટેબલ અને ટેકનોલોજી ડ્રિવન બનાવવાનું પ્રેરક આહવાન કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ**

## તંત્રી સ્થાનેથી......

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) એ બેંકિંગ, ફાઈનાન્સિયલ સર્વિસિસ અને ઈન્સ્યોરન્સ (BFSI) ક્ષેત્ર અને સરકારી સંસ્થાઓ સિવાયના ક્ષેત્રોની સંસ્થાઓ દ્વારા સર્વિસ અને ટ્રાન્ઝેક્શનલ કોલ્સ માટે ૧૬૦૧ સિરીઝના નંબરના ઉપયોગ અંગે નિર્દેશ જારી કર્યો છે, જ્યારે BFSI ક્ષેત્ર અને સરકારી સંસ્થાઓ અગાઉ જારી કરાયેલ ૧૬૦૦ સિરીઝના નંબરનો ઉપયોગ કરે છે. BFSI ક્ષેત્ર અને સરકારની સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા સંચારના મહત્વપૂર્ણ અને સંવેદનશીલ સ્વરૂપને ધ્યાનમાં રાખીને, અન્ય ક્ષેત્રોના સર્વિસ અને ટ્રાન્ઝેક્શનલ કોલ્સ સાથે મહત્વપૂર્ણ નાણાકીય વોઈસ કોલ્સના મિશ્રણને ટાળવા માટે BFSI અને સરકાર સિવાયના ક્ષેત્રો માટે આ અલગ સિરીઝ જારી કરવામાં આવી છે. BFSI ક્ષેત્રની સંસ્થાઓ દ્વારા સર્વિસ અને ટ્રાન્ઝેક્શનલ કોલ્સ માટે ૧૬૦૦-સિરીઝના નંબરોને વ્યાપકપણે અપનાવ્યા પછી, જેણે અન્ય ક્ષેત્રોમાં પણ વિશ્વસનીય નંબરિંગ ફ્રેમવર્કને વિસ્તૃત કરવા માટે મૂલ્યવાન અનુભવ પૂરો પાડ્યો છે, ટ્રાઈ (TRAI) એ હવે BFSI ક્ષેત્ર અને સરકાર સિવાયના ક્ષેત્રોની સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા આવા જ કોલ્સ માટે દૂરસંચાર વિભાગ (DoT) દ્વારા ફાળવવામાં આવેલી ૧૬૦૧-સિરીઝનું તબક્કાવાર અમલીકરણ શરૂ કર્યું છે. હિતધારકો સાથેના પરામર્શના આધારે, VuI-I હેઠળ યુટિલિટીઝ, કુરિયર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રોની સંસ્થાઓને આવરી લઈને આ સિરીઝનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૬૦૧-સિરીઝના નંબરો ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ (TSPs) દ્વારા યોગ્ય ચકાસણી પછી પાત્ર સંસ્થાઓને સીધા જ ફાળવવામાં આવશે, મધ્યસ્થીઓ કે એગ્રીગેટર્સને નહીં. તેથી, તેમનું અમલીકરણ એવા ઠગ લોકો દ્વારા આચરવામાં આવતી છેતરપિંડી (impersonation) સામે લડવામાં એક મહત્વપૂર્ણ સાધન બનવાની અપેક્ષા છે જેઓ સામાન્ય ૧૦-અંકના નંબરનો ઉપયોગ કરે છે અને કાયદેસરના વ્યવસાયોનું પ્રતિનિધિત્વ કરવાનો ખોટો દાવો કરે છે. તદુપરાંત, અલગ નંબરિંગ ઓળખ ગ્રાહકોને કાયદેસરના સર્વિસ અને ટ્રાન્ઝેક્શનલ કોલ્સને સરળતાથી ઓળખવા માટે સક્ષમ બનાવશે, જેનાથી આવા વોઈસ-આધારિત સંચારમાં વિશ્વાસ મજબૂત થશે.

નિર્દેશની મુખ્ય જોગવાઈઓ

A. ફેઝ-I ક્ષેત્રો: ૧૬૦૧-સિરીઝ શરૂઆતમાં નીચેના ક્ષેત્રોની પાત્ર સંસ્થાઓને ફાળવવામાં આવશે: i. યુટિલિટીઝ - વીજ વિતરણ કંપનીઓ, વોટર યુટિલિટીઝ, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ, એલપીજી વિતરણ સંસ્થાઓ અને આવી અન્ય યુટિલિટી સેવા પ્રદાતાઓ. ii. લોજિસ્ટિક્સ અને કુરિયર સેવાઓ - કુરિયર કંપનીઓ, એક્સપ્રેસ લોજિસ્ટિક્સ કંપનીઓ, પાર્સલ ડિલિવરી સેવા પ્રદાતાઓ, કન્સાઈનમેન્ટની ડિલિવરીમાં રોકાયેલા ફ્રેઈટ અને લોજિસ્ટિક્સ સેવા પ્રદાતાઓ.

B. સમયબદ્ધ ઓનબોર્ડિંગ ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ (TSPs) ને ઓર્ડર જારી કર્યાની તારીખથી ૯૦ દિવસની અંદર ફેઝ-I હેઠળ આવરી લેવાયેલી પાત્ર સંસ્થાઓનું સ્થળાંતર (migaion) અને ઓનબોર્ડિંગ પૂર્ણ કરવા માટે કહેવામાં આવ્યું છે.

C. ચકાસણી અને વિશિષ્ટ ઉપયોગ TSPs 1601-સિરીઝના નંબર સોંપતા પહેલા સંસ્થાઓની પાત્રતા ચકાસશે, અને સર્વિસ અને ટ્રાન્ઝેક્શનલ વોઈસ કોલ્સ માટે આ નંબરના વિશિષ્ટ ઉપયોગ અંગે તેમની પાસેથી બાંહેધરી મેળવશે. આ નંબરનો ઉપયોગ કોઈપણ સંસ્થા દ્વારા વોઈસ કોલ્સ માટે કરવામાં આવશે નહીં.

# ચાર દીવાલોની બહાર નવું ભવિષ્ય : ગોરવા મહિલા ITIમાં આધુનિક તાલીમથી વડોદરાની દીકરીઓ બનશે આત્મનિર્ભર



કમલમ્, વડોદરા

દિન-પ્રતિદિન બદલાતી ટેક્નોલોજી અને ઉદ્યોગ ક્ષેત્રની જરૂરિયાતોને અનુરૂપ કૌશલ્યસભર માનવબળ તૈયાર કરવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ પહેલ કરવામાં આવી રહી છે. વડોદરાના રિફાઈનરી રોડ સ્થિત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (મહિલા) ગોરવા દ્વારા પણ મહિલાઓને આધુનિક અને રોજગારલક્ષી તાલીમ આપી આત્મનિર્ભર બનાવવાની દિશામાં નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે.

સરકારી મહિલા ITI, ગોરવાએ રાજ્યકક્ષાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કરીને કૌશલ્ય વિકાસ ક્ષેત્રે વડોદરાનું ગૌરવ વધાર્યું છે. શૈક્ષણિક ઉત્કૃષ્ટતા, આધુનિક માળખાકીય સુવિધાઓ, તાલીમની ગુણવત્તા તેમજ તાલીમાર્થીઓને મળતા રોજગાર અને પ્લેસમેન્ટના અવસરોના આધારે સંસ્થાએ આ સિદ્ધિ હાંસલ કરી છે. આ સંસ્થામાં દર વર્ષે ૩૦૦થી વધુ મહિલા તાલીમાર્થીઓ વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં તાલીમ મેળવી રોજગાર તથા સ્વરોજગારની નવી તકોતરફ આગળ વધી રહી છે. ખાસ કરીને આજના ટેક્નોલોજી આધારિત યુગમાં મહિલાઓને પરંપરાગત ક્ષેત્રો પૂરતી મર્યાદિત ન રાખી કમ્પ્યુટર, IT, 3D પ્રિન્ટિંગ, ફેશન ડિઝાઈન, કોસ્મેટોલોજી, સિવિલ ડ્રાફ્ટિંગ અને ઈન્ટિરિયર ડિઝાઈનિંગ જેવા આધુનિક ક્ષેત્રોમાં તાલીમ આપવામાં આવે છે.


મહિલા તાલીમાર્થીઓ માટે ટ્યુશન ફીમાંથી મુક્તિ

મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપતી સરકારી નીતિ હેઠળ સંસ્થામાં તાલીમ લેતી મહિલા તાલીમાર્થીઓ પાસેથી ટ્યુશન ફી લેવામાં આવતી નથી. આ સુવિધાના કારણે વિવિધ આર્થિક અને સામાજિક વર્ગની દીકરીઓને ગુણવત્તાસભર ટેકનિકલ અને વ્યવસાયિક શિક્ષણ મેળવવાની તક મળી રહી છે.

તાલીમ દરમિયાન માત્ર પાઠ્યક્રમ આધારિત જ્ઞાન પૂરતું મર્યાદિત ન રહેતા તાલીમાર્થીઓને પ્રેક્ટિકલ પ્રોજેક્ટ્સ, પર્સનાલિટી ગ્રૂમિંગ, કોર્પોરેટ એટિકેટ્સ તથા ઉદ્યોગલક્ષી માર્ગદર્શન આપવામાં આવે છે. સંસ્થા દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યૂ અને પ્લેસમેન્ટ માટે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. તાલીમ પૂર્ણ કર્યા બાદ કેટલીક તાલીમાર્થીઓ વિવિધ કંપનીઓમાં રોજગાર મેળવવાની સાથે પોતાનો ગાર્મેન્ટ સ્ટુડિયો, બ્યુટી એન્ટરપ્રાઈઝ તથા IT ક્ષેત્રમાં ફ્રીલાન્સિંગ જેવી પ્રવૃત્તિઓ દ્વારા સ્વરોજગાર તરફ પણ આગળ વધી રહી છે. મહિલા તાલીમાર્થીઓને નિયમો અને પાત્રતા મુજબ વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળી શકે છે. જેમાં નમો કૌશલ્ય લક્ષ્મી યોજના હેઠળ પાત્ર મહિલા તાલીમાર્થીઓને વાર્ષિક રૂ. ૧૫,૦૦૦થી રૂ. ૨૪,૦૦૦ સુધીની સહાય, દિવ્યાંગ તાલીમાર્થીઓ માટે મુસાફરી સહાય, તેમજ ગણવેશ સહાય અને બસ પાસ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

પાત્રતા મુજબ એસ.ટી., રેલવે તથા સિટી બસની કન્સેશનલ/ મફત પાસ સુવિધા પણ આપવામા આવે છે. ITI ગોરવા (મહિલા)ના આચાર્ય શ્રી જી.એન. રાઠવાએ જણાવ્યું હતું કે, વિવિધ અભ્યાસક્રમો દ્વારા કમ્પ્યુટર અને IT થી લઈ ફેશન, બ્યુટી, સિવિલ, ઈન્ટિરિયર, ટેક્સટાઈલ અને આધુનિક મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર સુધીની વિવિધ વ્યવસાયલક્ષી કુશળતા વિકસાવવામાં આવે છે. "અમારું લક્ષ્ય માત્ર સર્ટિફિકેટ આપવાનું નથી, પરંતુ દરેક દીકરીના હાથમાં એવું હુન્નર આપવાનું છે જેથી તે આત્મવિશ્વાસ સાથે સમાજમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે. ગોરવા મહિલા ITIમાંથી તાલીમ મેળવીને નીકળેલી દીકરીઓ આજે વિવિધ ઉદ્યોગોમાં રોજગાર મેળવવાની સાથે પોતાના વ્યવસાય દ્વારા પણ સફળતા હાંસલ કરી રહી છે. વડોદરાની દીકરીઓને કૌશલ્ય, આત્મવિશ્વાસ, રોજગાર અને સ્વરોજગારની તકો સાથે આત્મનિર્ભર ભવિષ્ય તરફ આગળ વધવા માટે સશક્ત બનાવવા અમારૂ લક્ષ્ય છે.

# ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે UPSC/GPSC ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના નિ:શુલ્ક કોચિંગ વર્ગ અંગે અવેરનેસ સેમિનાર યોજાયો



કમલમ્,

ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (KCG) અને સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટરના સંયુક્ત ઉપક્રમે UPSC તથા GPSC ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના નિ:શુલ્ક કોચિંગ વર્ગ અંગે અવેરનેસ સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં ૧૪૦થી વધુ સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોએ હાજરી આપી માર્ગદર્શન મેળવ્યું હતું. સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ડૉ. હર્ષ પટેલે ઉમેદવારોને UPSC અને GPSC પરીક્ષાની પદ્ધતિ, અભ્યાસક્રમની વ્યૂહરચના, સમય વ્યવસ્થાપન તથા સફળતા મેળવવા માટેનું સચોટ માર્ગદર્શન આપી પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટરના સેન્ટર કો-ઓર્ડિનેટર શ્રી દિપકકુમાર મકવાણાએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે દૃઢ સંકલ્પ, નિયમિત અભ્યાસ અને યોગ્ય આયોજન સાથે તૈયારી કરવા પ્રેરણા આપી હતી.

આ સેમિનાર દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર ખાતે નિ:શુલ્ક કોચિંગ વર્ગમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ છે. આ ઉપરાંત સ્ટડી સેન્ટર દ્વારા ઉમેદવારોને આપવામાં આવતી તાલીમ, માર્ગદર્શન અને સુવિધાઓ વિશે પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. અંતમાં કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી વિજયકુમાર પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સેન્ટર કો-ઓર્ડિનેટર દ્વારા સ્વાગત પ્રવચન કરી સ્ટડી સેન્ટરની પ્રવૃત્તિઓ તથા સેમિનારના ઉદ્દેશ્ય અંગે માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો અને ઉપસ્થિત ઉમેદવારોએ આ સેમિનારને અત્યંત ઉપયોગી અને પ્રેરણાદાયી ગણાવ્યો હતો.

# સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી અને Securis360 વચ્ચે મહત્વપૂર્ણ MoU કરાર



કમલમ્, ગાંધીનગર,

વિદ્યાર્થીઓમાં ટેક્નિકલ કૌશલ્ય, સાયબર સિક્યુરિટી જ્ઞાન, ઉદ્યોગલક્ષી તાલીમ અને રોજગારલક્ષી ક્ષમતાઓ વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી – સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SIT) અને Securis Academy, Division of Securis360 Inc. વચ્ચે આજે મહત્વપૂર્ણ Memorandum of Understanding (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ MoU અંતર્ગત બંને સંસ્થાઓ વચ્ચે Skill Development, Outcome-Based Internships & Training, Placement Support, Research & Development (R&D) તથા સંબંધિત ઉદ્યોગલક્ષી સેવાઓ માટે સહકાર સ્થાપિત કરવામાં આવશે. આ સહયોગ દ્વારા વિદ્યાર્થીઓને સાયબર સિક્યુરિટી, પ્રેક્ટિકલ ટેક્નિકલ સ્કિલ્સ, ઈન્ડસ્ટ્રી ઓરિએન્ટેડ ટ્રેનિંગ, ઈન્ટર્નશિપ, પ્લેસમેન્ટ અને રિસર્ચ ક્ષેત્રે વધુ સારી તકો પ્રાપ્ત થશે. સાથે સાથે વિદ્યાર્થીઓને ઉદ્યોગની વર્તમાન જરૂરિયાતો અનુસાર તૈયાર કરવા માટે વિવિધ હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ, વર્કશોપ, નિષ્ણાત સત્રો અને પ્રાયોગિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. MoUનો મુખ્ય હેતુ શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચેનું અંતર ઘટાડીને વિદ્યાર્થીઓને Future-Ready Professionals તરીકે તૈયાર કરવાનો છે. આ ભાગીદારીથી વિદ્યાર્થીઓને આધુનિક ટેક્નોલોજી તથા સાયબર સિક્યુરિટી ક્ષેત્રે નવીન જ્ઞાન અને વ્યવહારુ અનુભવ મેળવવાની તક મળશે. MoU Signing Ceremony દરમિયાન બંને સંસ્થાના પ્રતિનિધિઓએ આ સહયોગને "Secure & Innovative Future" તરફનું મહત્વપૂર્ણ પગલું ગણાવી, વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ અને કારકિર્દી નિર્માણ માટે સતત સહયોગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી દ્વારા આ પહેલને શિક્ષણ, ઉદ્યોગ અને સંશોધન વચ્ચેના મજબૂત સેતુ તરીકે જોવામાં આવી રહી છે, જેનાથી વિદ્યાર્થીઓને કૌશલ્ય, ઈન્ટર્નશિપ, પ્લેસમેન્ટ, સાયબર સિક્યુરિટી અને R&D ક્ષેત્રે નવી તકો ઉપલબ્ધ થશે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આણંદ તાલુકાના બોરિયાવી ગામના પ્રગતિશીલ ખેડૂત નરેશભાઈ સોલંકીના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી



## રાજ્યપાલશ્રીએ સ્વયં ગાય દોહી, ખેડૂતોને જીવામૃત અને ઘન જીવામૃત બનાવવા અંગે આપ્યું માર્ગદર્શન

કમલમ્,

આણંદ જિલ્લાની બે દિવસીય મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આણંદ તાલુકાના બોરિયાવી ગામના પ્રગતિશીલ ખેડૂત નરેશભાઈ સોમાભાઈ સોલંકીના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી. અહીં તેમણે જાતે ગાય દોહી હતી અને હળ ચલાવ્યું હતું. તેમજ ખેતરની મુલાકાત લઈ ખેડૂતો સાથે સંવાદ સાધી માર્ગદશર્ન આપ્યું હતું. રાજ્યપાલ શ્રીએ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત દરમિયાન ત્યાં ઉગાવવામાં આવેલ વિવિધ પાકોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને પાકોની ગુણવત્તા જોઈ સંતોષ વ્યક્ત કર્યો હતો. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની પ્રક્રિયા તથા તેના લાભો અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ તકે ખેડૂતો સાથે સંવાદ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિ અને ભગવાને જમીનની ફળદ્રુપતા માટે સ્વયં શ્રેષ્ઠ વ્યવસ્થા બનાવી છે. જંગલોમાં કોઈ જ રાસાયણિક ખાતરો નાખવા જવું પડતું નથી, તેમ છતાં ત્યાં વનસ્પતિ અને વૃક્ષો પૂર્ણપણે ખીલે છે. રાસાયણિક ખાતરો તથા કીટનાશકોના અંધાધૂંધ ઉપયોગથી જમીનમાં રહેલા ઉપયોગી અળસિયા અને સૂક્ષ્મ જીવાણુઓ નષ્ટ પામ્યા છે, જેના કારણે આજે ખેડૂતોને બહારથી નાઈટ્રોજન, પોટાશ અને ફોસ્ફરસ જેવા તત્ત્વો ઉમેરવા પડે છે. રાસાયણિક ખેતીથી જમીન કઠણ બની ગઈ છે, જ્યારે પ્રાકૃતિક ખેતીથી જમીન ફળદ્રુપ બને છે અને તેમાં કુદરતી વોટર હાર્વેસ્ટિંગ થવાથી વરસાદી પાણી સીધું જમીનમાં ઉતરી જાય છે. જો આપણે રાસાયણિક ખેતી ચાલુ રાખીશું તો આવનારી પેઢીઓ માટે ફળદ્રુપ જમીન કે પીવાનું શુદ્ધ પાણી પણ બચશે નહીં. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટવાને બદલે વધે છે. જમીનનો ઓર્ગેનિક કાર્બન વધવાથી પાકનું ઉત્પાદન આપોઆપ વધે છે. પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ ઝીરો થઈ જાય છે. ગાય આધારિત આ ખેતીમાં ગૌમાતા દૂધ પણ આપે છે અને ખેતર માટે અમૂલ્ય ખાતર પણ પૂરૂં પાડે છે. ગુજરાતના અનેક ખેડૂતો પંચસ્તરીય મોડેલ અપનાવીને અત્યંત ઓછી મજૂરી અને ઓછા ખર્ચે વાર્ષિક લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે.

ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરતાં રાજ્યપાલ શ્રીએ જણાવ્યું હતું કે રાસાયણિક ખેતીથી પર્યાવરણ દૂષિત થાય છે, જમીન અને પાણી બગાડે છે અને લોકોને ગંભીર રોગો તરફ ધકેલે છે. જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો ભેદ સમજાવતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે પ્રાકૃતિક ખેતી એ સંપૂર્ણ કુદરતી પદ્ધતિ છે. પોતાના ભૂતકાળના અનુભવો વાગોળતાં તેમણે ઉમેર્યું હતુ કે તેમણે સ્વયં રાસાયણિક ખાતરોનો ત્યાગ કરીને પ્રાકૃતિક ખેતી અપનાવી છે અને આજે તેમની જમીન પુન: સમૃદ્ધ બની છે. આવનારી પેઢીને બંજર જમીન આપવાને બદલે ઉપજાવ અને સ્વાસ્થ્યપ્રદ જમીન સોંપવી એ જ સાચું પ્રાયશ્ચિત છે. ફાર્મની આ મુલાકાત વેળાએ જિલ્લા કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, અધિક કલેક્ટરશ્રી રાહુલ ગમારા, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, વહીવટી તંત્રના અધિકારીઓ તથા મોડલ ફાર્મ ખેડૂત અને તેમના પરિવારજનો સહિત સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતની સ્થાપના પહેલાં વર્ષ ૧૯૪૯થી ઉકાઈ બહુહેતુક યોજનાના નિર્માણ કાર્યનો પાયો નંખાયો હતો

## ઉકાઈ બહુહેતુક યોજના માત્ર સિંચાઈ જ નહીં, પરંતુ રાજ્યના વીજ પુરવઠા-પીવાના પાણીની જરૂરિયાતો માટે પણ અત્યંત મહત્વપૂર્ણ

### રાજ્યની સૌથી જૂની-બીજી સૌથી મોટી તેમજ દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન:ઉકાઈ-કાકરાપાર બહુહેતુક યોજના







### ૬૦૦ ચો.કિ.મી.વિસ્તારમાં પથરાયેલ આ જળાશયની કુલ સંગ્રહ શક્તિ ૭૪૯૭ મિ.ઘ.મી જેનાથી ૩.૩૧ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ

કમલમ્,

તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં આવેલા ઉકાઈ ગામે સ્થિત ઉકાઈ-કાકરાપાર યોજના સમગ્ર દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન છે. આ ભારતની મોટી બહુહેતુક યોજનાઓમાંથી એક છે.તાપી નદી પર નિર્મિત આ યોજના બે તબક્કામાં પૂર્ણ થઈ હતી. પ્રથમ તબક્કામાં વર્ષ ૧૯૪૯ થી ૧૯૫૪ દરમિયાન ૬૩૩.૫૦ મીટર લંબાઈ ધરાવતો કાકરાપાર વીયર બનાવવામાં આવ્યો. જ્યારે બીજા તબક્કામાં ઓગષ્ટ-૧૯૬૧ માં પ્લાનિંગ કમિશન અને ફેબ્રુઆરી-૧૯૬૨માં રાજ્ય સરકારની મંજૂરી બાદ ૧૯૬૪માં કામ શરૂ કરી સને ૧૯૭૨માં ઉકાઈ બંધનું નિર્માણ પૂર્ણ કરાયું હતું. આ જળાશય સૌ પ્રથમવાર વર્ષ ૧૯૭૩માં એટલે કે ૫૩ વર્ષ પહેલા પાણી ભરવામાં આવ્યું હતું.

**જળ સંગ્રહ શક્તિ -સિંચાઈ વિસ્તાર**

અંદાજે ૬૦૦ ચો.કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલ આ જળાશયની કુલ સંગ્રહ શક્તિ ૭,૪૯૭ મિલિયન ઘન મીટર અને જીવંત સંગ્રહ શક્તિ ૬૬૧૫ મિ.ઘ.મી. છે. બંધથી ઉપરવાસમાં લંબાઈ ૧૧૨ કિ.મી. છે તેમજ સરેરાશ પહોળાઈ ૫.૫ કિ.મી. જેટલી છે.જળાશયમાં પૂર્ણ જળ સપાટીએ સરોવરની પરિધની લંબાઈ ૫૨૫ કિ.મી. જેટલી થાય છે. આ યોજના હેઠળ ૩,૩૧,૫૫૭ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળે છે. તેનાથી ભરૂચ, સુરત, નવસારી, તાપી અને વલસાડ જિલ્લાની ખેતીને સમૃદ્ધિ મળી છે. તે સિવાય ઉકાઈ-પૂર્ણા ઉચ્ચતળ નહેર, સોનગઢ ઉચ્છલ નિઝર, કાકરાપાર-ગોરધા-વડ અને તાપી-કરજણ જેવી ઉદ્વહન સિંચાઈ યોજનાઓ દ્વારા હજારો હેક્ટર જમીન અને ગ્રામીણ વિસ્તારોને સિંચાઈનું પાણી પૂરું પાડવામાં આવે છે, જેમાં તાપી, સુરત અને નર્મદા જિલ્લાના કુલ ૨૯૮ ગામોનો સમાવેશ થાય છે. ઉકાઈ પૂર્ણા ઉચ્ચતળ નહેરની લંબાઈ ૫૧,૧૧૦ મીટર છે. આ નહેરની વહન ક્ષમતા ૪૮૦ ક્યુસેક છે.

**હરિત ઊર્જા ઉત્પાદન અને જળ વ્યવસ્થાપનનો અજોડ સંગમ**

ઉકાઈ બહુહેતુક યોજના માત્ર સિંચાઈ જ નહીં, પરંતુ રાજ્યના વીજ પુરવઠા અને પીવાના પાણીની જરૂરિયાતો માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. ઉકાઈ યોજનાથી ઉકાઈ થર્મલ પાવર પ્લાન્ટના ૧૧૧૦ મેગાવોટ, હાઈડ્રો પાવર પ્લાન્ટના ૩૦૫ મેગાવોટ, કાકરાપાર અણુમથકના ૧૮૪૦ મેગાવોટ જેવા પ્લાન્ટમાં પાવર જનરેશન માટે પાણી આપવામાં આવે છે. આ ઉપરાંત, કમાન્ડ વિસ્તારમાં આવતી મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને પાણી પુરવઠા યોજનાઓ મારફતે ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લાના શહેરોમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. આ સાથે જ GIDC, જે.કે. પેપર મિલ જેવા ઔદ્યોગિક એકમો અને સુગર ફેક્ટરીઓને પણ આ યોજનાથી જળ પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**તાપી નદીનું કુદરતી વહન અને જળાશયની વિશેષતાઓ**

મધ્યપ્રદેશના બેતુલ જિલ્લાના મુલતાઈમાંથી નીકળતી તાપી નદી ૭૨૪ કિ.મી. લંબાઈ ધરાવે છે, જેમાંથી ૨૧૪ કિ.મી. ગુજરાતમાં વહે છે. તાપી નદી ગુજરાતની પશ્ચિમ તરફ વહેતી બીજા નંબરની મોટી નદી છે. ઉકાઈ જળાશય આગળ તેનો સ્રાવ વિસ્તાર ૬૨,૨૨૫ ચો.કિ.મી. છે. પૂર્ણ જળ સપાટીએ સરોવરની પરિધની લંબાઈ ૫૨૫ કિ.મી. છે. મેન્યુઅલ મુજબ ચોમાસા દરમિયાન નિયમનકારી પાણી ભરવાના લેવલ નક્કી કરાયા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શન તેમજ જળ સંપત્તિ-પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના નેતૃત્વમાં આ બહુહેતુક યોજના રાજ્યમાં પૂર નિયંત્રણ, સિંચાઈ, પીવાનું પાણી, હરિત ઊર્જા સક્ષમતા અને ઔદ્યોગિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવી રહી છે.

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી આણંદ જિલ્લાની મુલાકાતે



કમલમ્,

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આણંદ તાલુકાના સામરખા ગામની ચરાવર્ગ પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિ વિશ્રામ કર્યા બાદ વહેલી સવારે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ યુવાનો સાથે યોગાભ્યાસ કર્યો હતો. સામરખા ગામની ચરાવર્ગ પ્રાથમિક શાળા ખાતે વહેલી સવારે યોજાયેલા યોગ સત્ર દરમિયાન રાજ્યપાલશ્રીએ શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, યુવાઓ તેમજ ગ્રામજનો સાથે યોગાભ્યાસ અને પ્રાણાયામ કરી યોગથી થતા શારીરિક તેમજ માનસિક ફાયદા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સુક્ષ્મ વ્યાયામ કરાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, યોગથી શરીરની લચકતા વધે છે. શરીરમાં લોહીનો સંચાર વધે છે તેથી અનેક રોગોમાં ફાયદાકારક છે. યોગ ઋષિ મુનિઓની દેન હોવાનું જણાવીને તેમણે દોડધામભર્યા જીવનમાં શારીરિક બીમારી તેમજ માનસિક અશાંતિને નાથવા માટે ભારેભરખમ જીમમાં જઈને કરાતી અંગ કસરતની સાપેક્ષે નિયમિત યોગાભ્યાસ સમગ્ર શરીરને સ્વસ્થ બનાવતો હોવાનું ઉમેરી યોગને દૈનિક ધોરણે અપનાવવા પર ભાર મૂક્યો હતો. આ તકે રાજ્યપાલશ્રીએ શીતલી, અનુલોમ-વિલોમ, ભ્રામરી, ભસ્ત્રિકા પ્રાણાયામના નિયમિત અભ્યાસથી બુદ્ધિની તીવ્રતા વધવા સાથે એકાગ્રતા, શીતળતા વધતી હોવાનું જણાવી યોગ અને પ્રાણાયામને દૈનિક જીવનશૈલીનો એક ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ બાળકો સાથે સૂર્ય નમસ્કાર કર્યા તથા ૐની મહત્તા જણાવી હતી. ગાયત્રી મંત્રના સામુહિક જાપ સાથે યોગાભ્યાસ સંપન્ન થયો હતો.

# શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી હિરેન હિરપરાની આગેવાનીમાં કિસાન મોરચાની પ્રદેશ સંગઠન બેઠક યોજાઈ

### સશક્ત સંગઠન અને જીવંત ખેડૂતસંપર્ક દ્વારા સરકારની ખેડૂતહિતકારી નીતિઓ અને યોજનાઓ દરેક ગામ, દરેક ખેડૂત સુધી પહોંચે એ કિસાન મોરચાનું ધ્યેયઃ શ્રી ભરત પંડ્યા



ખેડૂતનું સન્માન, કલ્યાણ અને સમૃદ્ધિ એ જ કિસાન મોરચાના દરેક કાર્યનું કેન્દ્રબિંદુ છેઃ શ્રી હિરેન હિરપરા

### ખેડૂતની શક્તિ એ ભારતની શક્તિ છે, અન્નદાતાની સમૃદ્ધિમાં જ રાષ્ટ્રની સમૃદ્ધિ સમાયેલી છેઃ શ્રી ભરત પંડ્યા

કમલમ્,

ગાંધીનગર, ગુજરાત પ્રદેશ કિસાન મોરચાની અખબારી યાદી જણાવે છે કે, તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૬, સોમવારના રોજ ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચાની પ્રદેશ સંગઠન બેઠક કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી હિરેન હિરપરાની આગેવાનીમાં તથા ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ અને કિસાન મોરચાના પ્રદેશ વાલી શ્રી ભરત પંડ્યાના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. બેઠકમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ—પીએમ-કિસાન યોજનાને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ સુધી ૩.૧૫ લાખ કરોડના નાણાકીય પ્રાવધાન સાથે ચાલુ રાખવાના નિર્ણય બદલ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકારને તથા ગુજરાતમાં ટુકડા ધારામાં ખેડૂતહિતકારી સુધારા કરવા બદલ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને રાજ્ય સરકારને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. બેઠકમાં કિસાન મોરચાની વર્તમાન સંગઠનાત્મક પ્રવૃત્તિઓ તેમજ આગામી કાર્યક્રમો અંગે વ્યાપક વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂતકલ્યાણકારી યોજનાઓ તથા નીતિગત નિર્ણયોની માહિતી દરેક જિલ્લા, દરેક ગામ અને દરેક ખેડૂત સુધી પહોંચે તે દિશામાં સંગઠનની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીના અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત સરકાર ખેડૂતના સન્માન, સુરક્ષા અને સમૃદ્ધિ માટે સતત કાર્યરત છે. સરકારની ખેડૂતહિતકારી યોજનાઓનો લાભ છેવાડાના ખેડૂત સુધી પહોંચાડવામાં કિસાન મોરચાના કાર્યકર્તાઓ સક્રિય અને સંવેદનશીલ ભૂમિકા નિભાવતા રહેશે. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ અને કિસાન મોરચાના પ્રદેશ વાલી શ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીનું સંગઠન ખેડૂતો અને ગ્રામીણ સમાજ સાથે જીવંત સંબંધ ધરાવે છે. ખેડૂતહિતના સંકલ્પ અને કાર્યકર્તાઓના સેવાભાવના સંગમથી કિસાન મોરચા સંગઠનને વધુ વ્યાપક અને જનસ્પર્શી બનાવશે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પ અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના 'વિકસિત ગુજરાત'ના ધ્યેયમાં કૃષિ અને ખેડૂતોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ સંકલ્પને સાકાર કરવા કિસાન મોરચા દ્વારા ખેડૂતો સાથે સતત સંપર્ક અને સંવાદ જાળવી સરકારની કલ્યાણકારી પહેલોને જન-જન સુધી પહોંચાડવામાં આવશે. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્માના સંગઠનાત્મક વિઝન અને માર્ગદર્શન અનુસાર કિસાન મોરચાની પ્રવૃત્તિઓને વધુ ગતિશીલ, વ્યાપક અને ખેડૂતકેન્દ્રિત બનાવવા બેઠકમાં સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. બેઠકમાં કિસાન મોરચાના પ્રદેશ પદાધિકારીઓ, વિવિધ વિભાગો અને પ્રકોષ્ઠોના જવાબદારો તથા સંગઠનના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર બેઠક દરમિયાન ખેડૂતકલ્યાણ, સંગઠનાત્મક સુદૃઢતા અને આગામી કાર્યક્રમો અંગે સકારાત્મક સંવાદ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. અંતમાં, કિસાન મોરચા દ્વારા વિવિધ કાર્યક્રમોના માધ્યમથી સરકારની ખેડૂતહિતકારી યોજનાઓ અને નીતિઓને છેવાડાના ખેડૂત સુધી પહોંચાડવા, ખેડૂતસમાજ સાથે સંગઠનના સંબંધને વધુ સુદૃઢ બનાવવા તથા સેવા અને સંગઠનના માધ્યમથી અન્નદાતાની સમૃદ્ધિ માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલના અધ્યક્ષસ્થાને ૩૩૦૦+ ચાઈલ્ડ ફ્રેન્ડલી આંગણવાડી અને પોષણ સંગમ હેલ્થ કેમ્પ અંગે રાજ્યકક્ષાનો વર્કશોપ યોજાયો

### આંગણવાડીઓ બાળકોના સર્વાંગી વિકાસ માટેનું પ્રથમ પગથિયુંઃ મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી



- પોષણ સાથે બાળકના સર્વાંગી વિકાસ માટે ચાઈલ્ડ-ફ્રેન્ડલી વાતાવરણ ઊભું કરવા પર ભાર
- કુપોષણ મુક્તિ માટે હેલ્થ કેમ્પ અને સતત ફોલો-અપ સુનિશ્ચિત કરવા અધિકારીઓને કડક સૂચના
- આરોગ્ય અને મહિલા-બાળ વિકાસ વિભાગના સંકલનથી 'પોષણ સંગમ હેલ્થ કેમ્પ'નું રાજ્યવ્યાપી આયોજન થશે

કમલમ્,

ગાંધીનગર ખાતે મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલના અધ્યક્ષસ્થાને '૩૩૦૦+ ચાઈલ્ડ ફ્રેન્ડલી આંગણવાડી અને પોષણ સંગમ હેલ્થ કેમ્પ' વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યની ગણવાડીઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાલ્યાવસ્થા સંભાળના સઘન આયોજન અંગે યોજાયેલા વર્કશોપમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલે જણાવ્યું હતું કે, આંગણવાડી એ માત્ર પોષણ આપવાનું કેન્દ્ર નથી, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ માટેનું પ્રથમ પગથીયું અને શિક્ષણનું સાચુ મંદિર છે. તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં નવી બની રહેલી ૬૦૦ થી ૯૦૦ સ્કવેર ફીટની આંગણવાડીઓમાં બાળકો માટે સલામત અને ચાઈલ્ડ-ફ્રેન્ડલી વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું છે. બાળકના મગજનો ૮૫ ટકાથી ૯૦ ટકા વિકાસ પ્રથમ ૬ વર્ષમાં થતો હોવાથી આંગણવાડીનું વાતાવરણ રમત-ગમત અને પ્રવૃત્તિમય હોવું ખૂબ જરૂરી છે. આંગણવાડી કાર્યકરો તથા હેલ્પર્સને આધુનિક શિક્ષણ પદ્ધતિઓ અને ફ્લોર ગેમ્સ, ચિત્રકામ, બાલગીતો જેવી ઈનોવેટિવ પ્રવૃત્તિઓ માટે ટ્રેનિંગ આપી વધુ સક્રિય બનાવવા મંત્રીશ્રીએ સૂચના આપી હતી. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આંગણવાડી સ્તરે કુપોષિત બાળકો માટે ખાસ હેલ્થ કેમ્પ યોજવામાં આવશે. માત્ર તપાસ કે દવા આપવાથી કામ પૂરું થતું નથી, પરંતુ બાળક કુપોષણમાંથી બહાર ન આવે ત્યાં સુધી નિયમિત યોગ્ય ફોલો-અપ લેવા અને તેમના માતા પિતા સાથે સંપર્ક કરી તેમને પણ યોગ્ય પોષણલક્ષી માર્ગદર્શન આપવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું. મમતા દિવસ દરમિયાન આશા વર્કર અને આંગણવાડી બહેનોના સંકલનથી સગર્ભા માતાઓ, કિશોરીઓ અને બાળકોના વજન-ઊંચાઈ માપન અને રસીકરણની કામગીરી એક જ જગ્યાએ સરળતાથી થાય તેવું આયોજન કરવા પણ મંત્રીશ્રીએ સૂચન કર્યું હતું હતું.

મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ ડૉ. રાકેશ શંકરે કાર્યક્રમ અને વિભાગની વિવિધ કામગીરી અને તેના ભવિષ્યના આયોજન અંગે વિગતે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આંગણવાડીઓના માળખા મુજબના વિકાસ માટે ICDS તથા માર્ગ અને મકાન વિભાગ વચ્ચે સકારાત્મક સહયોગ પ્રાપ્ત થયો છે. આ બંને વિભાગોના સંયુક્ત પ્રયાસોથી ૩,૩૦૦ થી વધુ નવી આંગણવાડીઓ તેમજ R&B દ્વારા ટેન્ડર કરવામાં આવેલ ૧,૫૦૭ જેટલી આંગણવાડીઓના નિર્માણનું કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે. આ ઉપરાંત, આંગણવાડીઓના ગુણવત્તાયુક્ત અને ટેકનિકલ નિર્માણ માટે IIT ગાંધીનગરના તજજ્ઞોની મદદ લેવામાં આવી રહી છે. થર્ડ-પાર્ટી ઈન્સ્પેક્શન અને ગુણવત્તાના ધોરણો સાથે 'સ્માર્ટ આંગણવાડી'ના વિઝનને પૂર્ણ કરવા માટે વિભાગ પ્રતિબદ્ધ છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. આ વર્કશોપમાં યુનિસેફ દ્વારા બાળકો માટે અનુકૂળ, સુરક્ષિત અને પર્યાવરણને રક્ષણ આપતી સ્માર્ટ આંગણવાડીઓના ટાઈપ ડિઝાઈન તેમજ 3D લે-આઉટનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. IIT ગાંધીનગરના નિષ્ણાતો દ્વારા આંગણવાડીઓના બાંધકામમાં ઉચ્ચ ગુણવત્તા જાળવવા માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન સંબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત માર્ગ અને મકાન વિભાગના સચિવશ્રી દ્વારા જિલ્લા માર્ગ અને મકાન વિભાગની ટીમોને બાંધકામની ગુણવત્તા અને સમયબદ્ધ અમલીકરણ માટે તકનીકી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આરોગ્ય અને મહિલા અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાનાર 'પોષણ સંગમ હેલ્થ કેમ્પ'ની નીતિ-રીતિ, માર્ગદર્શિકા અને અમલીકરણ અંગે કમિશનર ICDS તથા કમિશનર આરોગ્ય દ્વારા વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરાયા હતા. કાર્યક્રમમાં આંગણવાડી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અધિકારીઓ/કર્મચારીઓને ICDS ટીમ દ્વારા પ્રશંસાપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, આઈસીડીએસ કમિશનરશ્રી, જિલ્લા કક્ષાના એન્જિનિયરો, પ્રોગ્રામ ઓફિસર્સ, IIT અને યુનિસેફના પ્રતિનિધિઓ અને નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

ગુજરાત વિધાનસભાની માંજલપુર બેઠકની તાજેતરમાં યોજાયેલી પેટાચૂંટણીમાં વિજેતા બનેલા નવનિર્વાચિત ધારાસભ્ય શ્રી સતીષભાઈ પટેલે ગાંધીનગર ખાતે વિધાનસભાના સભ્ય તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. આ શપથ વિધિ સમારોહમાં વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ તેમજ વિવિધ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. શપથ ગ્રહણ બાદ ઉપસ્થિત મહાનુભાવોએ શ્રી સતીષભાઈ પટેલને અભિનંદન પાઠવી કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# ધારાસભ્યશ્રીની ઉપસ્થિતિમાં સેવા સેતુ તથા ગવર્નમેન્ટ સ્કીમ સેચ્યુરેશન કાર્યક્રમ યોજાયો

### પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ મળે તે માટે નાગરિકોને જાગૃત કરાયા



કમલમ્,નવસારી

જલાલપોર તાલુકા પંચાયત સીટ અંતર્ગત જલારામ મંદિર ખાતે સેવા સેતુ તથા ગવર્નમેન્ટ સ્કીમ સેચ્યુરેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જલાલપોર ધારાસભ્યશ્રી આર. સી. પટેલ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી તથા સભ્યશ્રીઓ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંગે પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હોવાથી મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ અંગે માહિતી મેળવી હતી. ઉપસ્થિત નાગરિકોને સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને દરેક પાત્ર લાભાર્થીને સરકારની યોજનાઓનો લાભ મળી રહે અને યોજનાઓમાં સેચ્યુરેશન લેવલ પ્રાપ્ત થાય તે હેતુથી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે જરૂરી માર્ગદર્શન તથા આયોજન કરવામાં આવ્યું હતું. પાત્ર લાભાર્થીઓ કોઈપણ સરકારી યોજનાના લાભથી વંચિત ન રહે તે માટે સંબંધિત વિભાગો દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત, આગામી ર ૩મી તારીખે મંદિર ગામ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા અમલમાં મૂકવામાં આવતી ADIP યોજના તથા રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત લાભાર્થીઓને આવકનો દાખલો મેળવવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહી યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે અગાઉથી જાહેરાત અને પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો છે. પાત્ર લાભાર્થીઓને જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહી યોજનાનો લાભ લેવા માટે અપીલ કરવામાં આવી છે. સંબંધિત વિભાગો દ્વારા લાભાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવશે. સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના અને જરૂરિયાતમંદ નાગરિકો સુધી પહોંચે તેમજ કોઈપણ પાત્ર લાભાર્થી યોજનાના લાભથી વંચિત ન રહે તે દિશામાં આવા સેચ્યુરેશન આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પ્રકારના કાર્યક્રમો થકી સરકારની યોજનાઓ અંગે લોકોમાં જાગૃતિ વધારવા સાથે પાત્ર લાભાર્થીઓને સીધો લાભ મળી રહે તે માટે જિલ્લા અને તાલુકા વહીવટી તંત્ર દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે

# દેશભક્તિના રંગમાં રંગાયું ભરૂચ : ભવ્ય તિરંગા યાત્રામાં જોવા મળ્યો ભરૂચવાસીઓનો થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહ

### ભરૂચ બન્યું તિરંગામય; જિલ્લાવાસીઓએ ગર્વભેર તિરંગો લહેરાવી દેશની અખંડિતતા માટેની અતૂટ ભાવના વ્યક્ત કરી



જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરીને હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતેથી તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું

**પ્રબુદ્ધ નાગરિકો, અધિકારીઓ-કર્મચારીઓ, નગરજનો, બાળકોએ રાષ્ટ્રપ્રેમના રંગે રંગાઈ તિરંગા યાત્રામાં ઉત્સાહભેર સહભાગિતા નોંધાવી, યાત્રામાં ૧૮૭ મીટર લાંબા તિરંગાએ આકર્ષણ જમાવ્યું**

કમલમ્,ભરુચ

દેશવાસીઓના હૃદયમાં વંદે માતરમની ભાવનાને સમર્પિત કરવા પ્રખર રાષ્ટ્ર ભક્તિનું નિર્માણ થાય અને દેશવાસીઓ પોતાના કર્તવ્ય અને નિષ્ઠા પ્રત્યે વધુ સભાન બને તે હેતુથી જિલ્લાકક્ષાની હર ઘર તિરંગા યાત્રા ભરૂચ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાઈ હતી. આ તકે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ડીમ્પલબેન રાજ, જિલ્લા સમાહર્તા શ્રી નવનાથ ગવ્હાણે, ધારાસભ્ય શ્રી રમેશ મિસ્ત્રી, ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા અને નિવાસી અધિક કલેક્ટર સહિતના મહાનુભાવોએ રાષ્ટ્રધ્વજ લહેરાવી હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતેથી તિરંગા યાત્રાને રાષ્ટ્રીય ગૌરવ સાથે પ્રસ્થાન કરાવ્યું હતું. ભરૂચ જિલ્લાવાસીઓએ અદભૂત જોશ અને અનેરા ઉત્સાહ થકી રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની અતૂટ ભાવના વ્યક્ત કરી હતી. વંદે માતરમની ભાવનાને સમર્પિત હર ઘર તિરંગા, અભિયાન અંતર્ગત ભરૂચ જિલ્લામાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે આજ રોજ જિલ્લા વહીવટી તંત્ર ભરૂચ દ્વારા ભરૂચ ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા દેશભક્તિના જુસ્સા અને તિરંગાના માન-સન્માન સાથે યોજાઈ હતી. આ વર્ષે વંદે માતરમની ભાવનાને સમર્પિત આયોજિત આ કાર્યક્રમમાં અંદાજિત ૫૦૦૦ હજાર થી વધુ ભરૂચવાસીઓ ઉમંગભેર જોડાઈને દેશભક્તિ અને સ્વચ્છતાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. યાત્રામાં ૧૮૭ મીટર લાંબા તિરંગાએ આકર્ષણ જમાવ્યું હતું. જેના કારણે સમગ્ર શહેર દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. યાત્રા દરમિયાન પરંપરાગત બેન્ડ અને સિદી નૃત્ય અને સ્કેટીંગના કરબત કરતા બાળકો ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. દેશભક્તિના ગીતો અને ભારત માતાના જયઘોષ સાથે યાત્રામાં જોડાયેલા લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. હર ઘર તિરંગા અભિયાન અન્વયે સમગ્ર દેશમાં તિરંગા યાત્રાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની તિરંગા યાત્રામાં ભરૂચ જિલ્લાવાસીઓએ અનેરો જુસ્સો બતાવ્યો હતો. હોસ્ટેલ ગ્રાઉન્ડમાં સાંસ્કૃતિક કાર્યક્રમથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ત્યાર બાદ આ યાત્રા હોસ્ટેલ ગ્રાઉન્ડથી પ્રસ્થાન કરી રેલવે સ્ટેશન ખાતે સંપન્ન થઈ હતી. આ તિરંગા યાત્રામાં જિલ્લાના આર્મ્ડ ફોર્સના જવાનો, જીઆરડી જવાનો, પોલીસ જવાનો, વિવિધ સામાજિક સંસ્થાઓ, જિલ્લાના જિલ્લાના અગ્રગણ્ય નાગરિકો, વિદ્યાર્થીઓ, નાના બાળકો, એનસીસી કેડેટ, મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકો સ્વયંભૂ રીતે આ તિરંગા યાત્રામાં જોડાયા હતા. તિરંગા યાત્રામાં પોલીસ અશ્વદળ, વિવિધ પોલીસ પ્લાટૂન, હોમગાર્ડ, ગ્રામ રક્ષક દળ, ટ્રાફિક બ્રિગેડ અને પોલીસ બેન્ડે તિરંગા સાથે સામેલ થયા હતા. પોલીસના અશ્વદળે તિરંગા યાત્રાની આગેવાની કરી હતી. મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને નગરજનો હાથમાં તિરંગો લઈને જોશ જુસ્સાથી જોડાયા હતા જોડાયા. 'સબ સે પ્યારા તિરંગા હમારા'ની ભાવના વ્યક્ત કરી સૌ ઉપસ્થિતોએ ગર્વભેર તિરંગો લહેરાવી, 'વંદે માતરમ', 'ભારત માતા કી જય' સહિત દેશભક્તિના નારા લગાવ્યા હતા સાથે સ્વાતંત્ર્ય વીરો અને દેશના શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. તિરંગાની આન, બાન અને શાન સાથે આગળ વધતી આ યાત્રા દરમિયાન દેશપ્રેમી નાગરિકોએ ફૂલવર્ષા કરીને તિરંગા યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. શાળાના બાળકો દેશભક્તિને અનુરૂપ વેશભૂષામાં યાત્રામાં જોડાયા હતા. બાળકોના હાથમાં લહેરાતા તિરંગા, યુવાનોનો ઉત્સાહ અને વડીલોની ગૌરવભરી ઉપસ્થિતિએ સમગ્ર યાત્રાને યાદગાર બનાવી હતી. 'તિરંગો માત્ર રાષ્ટ્રધ્વજ નથી, પરંતુ દેશની એકતા, અખંડિતતા અને ગૌરવનું પ્રતિક છે' એવા ભાવ સાથે યોજાયેલી આ તિરંગા યાત્રાએ શહેરમાં રાષ્ટ્રપ્રેમ અને એકતાનો સંદેશ પ્રસરાવ્યો હતો. 'હર ઘર તિરંગા અભિયાન-૨૦૨૬' અંતર્ગત જિલ્લાકક્ષાની યોજાયેલી ભવ્ય તિરંગા યાત્રા જનભાગીદારી, રાષ્ટ્રભાવના અને એકતાનું જીવંત ઉદાહરણ બની રહી હતી. આ તિરંગા યાત્રામાં જિલ્લાના પદાધિકારીશ્રીઓ, અગ્રણીશ્રીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, શાળાના બાળકો અને નગરજનો ઉત્સાહભેર સહભાગી બન્યા હતા.

